ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

ચ-૦ થી ઈન્દિરા બ્રીજ સુધીના માર્ગમાં ટ્રાફીક સેફટી સિસ્ટમ લાગુ કરાઈ

‘વિશ્વાસ પ્રોજેક્ટ’નો વ્યાપ વધ્યો : ૧૧ કિ.મી.ના માર્ગ પર રાહદારી ક્રોસીંગ સિસ્ટમ, ઓવર સ્પીડ ડીટેક્શન સિસ્ટમ અને ગેરકાયદેસર પાર્કીંગ ડીટેક્શન સિસ્ટમ અમલી

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરમાં સૌ પ્રથમવાર અતિઆધુનિક માર્ગ સલામતી કોરીડોર પ્રોજેક્ટ અમલી કરાયો છે. માર્ગ મકાન વિશ્વ બેંક અને પોલીસ વિભાગ સંયુક્ત રીતે આ પ્રોજેક્ટનું સંચાલન કરી રહ્યા છે.

આ પ્રોજેક્ટ અંતર્ગત ચ-૦ સર્કલથી અમદાવાદના ઈન્દિરાબ્રીજ સુધીના લગભગ ૧૧ કિલોમીટરના માર્ગમાં રાહદારીઓ અને વાહનચાલકો માટે રોડ ટ્રાફિક સેફ્ટી સિસ્ટમ લાગુ કરવામાં આવી છે. આ પ્રોજેક્ટનું નિરીક્ષણ અને સંચાલન ‘વિશ્વાસ પ્રોજેક્ટ’ અંતર્ગત કાર્યરત ગાંધીનગર જિલ્લાના ‘નેત્રમ’ ખાતેથી કરવામાં આવશે અને પોલીસ ભવન ગાંધીનગર સ્થિત ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર ‘ત્રિનેત્ર’ સાથે પણ ઈન્ટીગ્રેટ કરવામાં આવેલ છે.



ગુજરાત પોલીસ દ્વારા ટ્રાફિકના નિયમોના પાલન માટે લોકજાગૃતિના પ્રયાસો કરવામાં આવત જ હોય છે, ત્યારે હવે ટ્રાફિક નિયમોના પાલન તથા સ્વશિસ્ત સાથે વાહન હંકારવા માટેની લોકોમાં જાગૃતિ આવે તેની માટે પાટનગરમાં આ નવતર પ્રયોગ શરૂ કરવામાં આવે છે. ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ, વિશ્વ બેંક અને પોલીસ વિભાગના સહકારથી માર્ગ અકસ્માતોને ઘટાડવા માટે ગાંધીનગરમાં સૌ પ્રથમ વખત અતિ આધુનિક માર્ગ સલામતી કોરિડોરનો પાયલોટ પ્રોજેક્ટ (SCDP-II) હાથ ધરવામાં આવ્યો છે.

આ પ્રોજેક્ટમાં ૨૫ - પુશ બટનથી રાહદારી ક્રોસીંગ સિસ્ટમ,

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લામાં શૈક્ષણિક સ્તરની સુધારણા માટે તાલુકાવાર ચિંતન બેઠકો શરૂ

પ્રથમ તબક્કામાં પ્રા. શાળા અને બીજા તબક્કામાં માધ્યમિક, ઉ. માધ્યમિક શાળાના આચાર્યો સાથે તંત્ર સંવાદ કરશે : અભ્યાસ પદ્ધતિની ખામીઓ તરફ ચર્ચાને અંતે અંગુલિનિર્દેશ કરાય છે

(પ્રકાશ જહા દ્વારા) ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં શૈક્ષણિક સ્તર સુધારણા અભિયાનને લઈ ખાસ ચિંતન બેઠકોનો દોર જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાને આ ચિંતન માટે પાંચ ઝોનમાં વિભાજીત કરી અને બેઠકો શરૂ કરવામાં આવી છે. ત્રણ ઝોનમાં આ બેઠકો પૂર્ણ થઈ ગઈ છે અને કાલે ગાંધીનગર ખાતે તેમજ એક બેઠક ચાંદખેડા વિસ્તારની કરવામાં આવશે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ ચિંતન બેઠક બે ભાગમાં યોજવામાં આવી રહી છે. જેમાં પ્રથમ પ્રા. શાળાના આચાર્યો સાથે આ બેઠકો યોજવામાં આવી રહી છે. આ બેઠકમાં ગુણોત્સવ ૨.૦ ના પરિણામો, શાળાની એકમ કસોટીના પરિણામો, ભાષા, લેખન, ગણન અને વાંચન માટેના ઉપચારાત્મક વર્ગોના આયોજનના પરિણામો શુ પ્રાપ્ત થઈ રહ્યા છે તે સહિતના વિવિધ વિષયોને લઈ સમીક્ષા કરવામાં આવી રહી છે. આ ઉપરાંત આ આચાર્યો સાથે મોનીટરીંગમાં શુ શુ ઉમેરવુ જોઈએ તે અંગે પણ વિશેષ માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. આ શાળામાં શિક્ષકોએ ઈનોવેટીવ પ્રોજેક્ટ હાથ ધર્યા હોય તો તેના પરિણામોને લઈ પણ ચર્ચાઓ કરવામાં આવી રહી હોવાનું જાણવા મળેલ છે.

આ બેઠક બાદ ધો. ૯ થી ૧૨ની શાળાના આચાર્યો સાથે બેઠક યોજવામાં આવે છે. તેમાં ધો. ૧૦ અને ૧૨ના આવેલા પરિણામો, શૈક્ષણિકસ્તર સુધારણા માટે લીધેલા પગલાંઓ, ઉપચારાત્મક વર્ગોનું આયોજન છે કે કેમ ? બાળકોની શિક્ષણમાં અભિરૂચી વધે તે માટે કેવા પ્રકારના નવતર પ્રયોગો શરૂ કરાયા છે. ડ્રોપ આઉટ રેસિયો કેટલો રહે છે. શાળામાં સ્થાયીકરણ કેટલા બાળકોનું છે તેમજ બાળકોમાં વાંચન વિકાસ માટે લાયબ્રેરીની સુવિધા છે કે કેમ ? તેમાં કેટલા બાળકો જોડાય છે, બાળકોમાં શિક્ષણને લઈ રસ ધરવાના કારણો શું જણાયા છે તે રીતે સર્વગ્રાહી સમીક્ષા બેઠકમાં કરવામાં આવે છે.

આ બેઠકમાં જિલ્લાના શિક્ષણ વિભાગના અધિકારીઓ અને આચાર્યો વચ્ચે ખુલ્લા મને ચર્ચાઓ થઈ રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

મનપામાં હવે નવી આકારણી શાખા કાર્યરત કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર મહાનગરપાલિકામાં હવે મિલ્કતોની આકારણી માટેના વિવાદોને ખાળવા માટે ખાસ આકારણી શાખા શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે અમદાવાદ કોર્પોરેશનની આકારણી શાખાની કાર્યરીતિ અને કાર્ય પદ્ધતિને ધ્યાને રાખી હવે ગાંધીનગર મનપામાં પણ આ શાખા કાર્યરત આગામી એકાદ સપ્તાહમાં કરી દેવામાં આવશે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આકારણી શાખાની કામગીરી જુની કચેરીના બિલ્ડીંગમાં જ કાર્યરત કરવાની વિચારણા છે અને આ અંગેનો નિર્ણય પણ એકાદ બે દિવસમાં આખરી કરી દેવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં મિલ્કતવેરાની આકારણીને લઈ છેલ્લા બે વર્ષથી સતત ફરિયાદો વધી રહી છે. આ વખતે પણ ૧૦ હજારથી વધુ અરજીઓ તંત્રને મળી હતી. ગત વર્ષે ઘણી બધી અરજીઓમાંથી

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લામાં આ વખતે આજ સુધીનો દસકનો વિક્રમી વરસાદ

વરસાદની પેટર્નમાં બદલાવ છતાં જિલ્લાના ચારેય તાલુકામાં વાવણીલાયક વરસાદ : ૨૦૧૮ અને ૨૦૧૯માં ઓછો વરસાદ નોંધાયો હતો : ૨૦૧૭ માં આ સમયગાળા દરમ્યાન ૩૨ ટકા વરસાદ નોંધાયો હતો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં ચોમાસાની ઋતુએ આ વખતે નવા વિક્રમો સર્જ્યા છે. સમયસર ચોમાસુ બેસવાની સાથે છેલ્લા દસકમાં સૌથી વધુ વરસાદ આ વખતે નોંધાયો છે.

બિપરજોય વાવાઝોડા પછી અને કમોસમી વરસાદો પછી ચોમાસાના સમયસર વરસાદથી ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. આ ઉપરાંત કેન્દ્ર સરકારના સહયોગથી અટલ ભૂગર્ભ જળ સંગ્રહ અભિયાન જે રીતે સફળતાથી આગળ વધી રહ્યુ છે તેને લઈ તંત્રમાં પણ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

જિલ્લાના ચારેય તાલુકામાં ખેતીલાયક વરસાદ થઈ ગયો છે. જિલ્લામાંથી પસાર થતી ત્રણેય નદીઓ બે કાંઠે વહી રહી છે અને નદીઓ જે રીતે ચાર્જ થઈ છે તેનાથી ભૂગર્ભજળના સ્તર જે નીચા ગયા હતા તેમાં ખાસો સુધારો નોંધાયો છે. જિલ્લામાં પેયજળની સમસ્યા હળવી બની છે એટલુ જ નહિ મૂંગા પશુધન માટે ઘાસચારાનું વાવેતર પણ સારૂ એવુ તૈયાર થયુ હોવાથી પશુપાલકોમાં પણ ખુશીનો માહોલ છવાયેલો છે.

જિલ્લામાં સિઝનનો અત્યાર સુધીમાં સૌથી વધુ વરસાદ નોંધાયો છે. જિલ્લામાં આજ સુધીમાં ૩૮.૬૭ટકા વરસાદ નોંધાયો છે.

૨૦૧૭માં જિલ્લામાં સિઝનનો આ સમયગાળા દરમ્યાન ૩૨.૧૭ ટકા વરસાદ નોંધાયો હતો. સામાન્યતઃ આ સમયગાળા દરમ્યાન જિલ્લામાં ૨૦ ટકાની આસપાસ વરસાદ નોંધાતો રહ્યો છે.

જાણકાર સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ સમયગાળા દરમ્યાન જિલ્લામાં ૨૦૧૫ના વર્ષમાં ૧૩.૨૦ ટકા, ૨૦૧૬ માં ૧૯.૧૩ટકા, ૨૦૧૮માં ૮.૮૯ ટકા, ૨૦૧૯માં ૧૬.૫૫ ટકા, ૨૦૨૦માં ૨૫.૫૬ ટકા, ૨૦૨૧માં ૯.૯૮ ટકા અને ૨૦૨૨માં ૨૦.૮૯ ટકા વરસાદ નોંધાયો હતો.

જિલ્લામાં આ વખતે વરસાદની પેટર્નમાં પણ ખાસ્સો બદલાવ જોવા મળ્યો છે. જિલ્લામાં કેટલાક ભાગોમાં ભારેથી અતિભારે વરસાદ નોંધાયો છે. માણસામાં પડેલા અતિભારે વરસાદ પછી પણ તંત્રની સતર્કતા અને લોકોની જાગૃત્તિને પગલે આખો તાલુકો હેમખેમ રહેવા પામ્યો છે.

જિલ્લામાં આ વખતે વીજળીઓ પડવાની ઘટનાઓ વધુ નોંધાઈ છે અને અંદાજે ૧૫ જેટલા પશુઓના મોત પણ નીપજ્યા છે. જેમાં ચારેક જેટલા પશુઓના મોત વીજકરંટ લાગવાથી થયા છે.

જિલ્લામાં જે રીતે વરસાદ નોંધાયો છે તેનાથી ખેડૂતો ખુશમાં છે. બીજી તરફ વરસાદનું વહી જતુ પાણી ભૂગર્ભમાં ઉતારવા માટે જિલ્લાના વિવિધ ગામોમાં જે ફર્લો

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં બે દિવસથી વરસાદના વિરામ વચ્ચે ગરમીનો પારો ૩૨.૫ ડીગ્રી

અત્યાર સુધી સિઝનનો ૧૫ ઇંચ વરસાદ : વરસાદી વાદળો દુર હટતા વાતાવરણમાં ઉકળાટનુ પ્રમાણ વધ્યુ : જુલાઇ મહીનાના અંત સુધીમાં હજુ ભારે વરસાદ વરસશે

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગરમાં અત્યાર સુધી સિઝનનો ૧૫ ઇંચ વરસાદ થઇ ગયો છે. છેલ્લા બે દિવસથી વરસાદે વિરામ લેતા આકાશ ચોખ્ખુ જોવા મળી રહ્યુ છે આજે વરસાદની ગેરહાજરી વચ્ચે ગરમીનો પારો પણ એક ડીગ્રી ઉંચકાયો હતો. જયારે વિરસાદી વિરામ વચ્ચે નગરજનોએ પણ દિવસે ગરમી અને ઉકળાટનો અહેસાસ કર્યો હતો. એકબાજુ સેકટરોમાં વરસાદી સમસ્યાઓ ઉભરાતી નજરે પડી રહી છે. જેના લીધે નગરજનો પરેશાન છે. ત્યારે શહેરમાં સિઝનના ૫૦ ટકા વરસાદના અંતે હજુ જુલાઈ મહીનાના અંત સુધીમાં પણ ભારે વરસાદ થવાની સંભાવના પણ હવામાન તજજ્ઞોએ વ્યકત કરી છે.

ગાંધીનગરમાં આ વર્ષે ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં પણ વરસાદી મોસમ ગમે ત્યારે નિખરતા ભર ઉનાળે પણ અષાઢી માહોલ જોવા મળતો હતો જયારે ગરમીનો મિજાજ પણ ઉગ્ર રહ્યો હતો જો કે વારંવાર સર્જાતા વાતાવરણ પલ્ટાના અંતે ગરમીના પારાની ચઢ ઉતર જોવા મળતી હતી પરંતુ વરસાદી વાયરા વચ્ચે પણ ગરમીનુ જોર યથાવત રહ્યુ હતુ. આ સ્થિતિ વચ્ચે વળતા ઉનાળે જ વરસાદી મોસમ શરૂ થઈ ગઈ હતી. નાટયાત્મક હવામાન પલ્ટા વચ્ચે ગરમીનો મિજાજ પણ ઠંડો ગરમ જોવા મળતો હતો જયારે જુન મહીનાના બીજા સપ્તાહ બાદ ચોમાસાની સિઝનનો વરસાદ શરૂ થઈ ગયો હતો. ચોમાસાના પ્રારંભથી જ વરસાદી વાયરો તોફાની હોવાનો અહેસાસ નગરજનોએ કર્યો હતો. વિજ કડાકા અને ભડાકા સાથે વરસાદ ખાબકતા શહેરના સેકટરોમાં સતત ભીંજારાનો માહોલ જોવા મળી રહ્યો હતો. વરસાદી મોસમ નિખરતા વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધતા નગરજનો અસહ્ય ઉકળાટથી પણ પરેશાન છે જયારે અત્યાર સુધી શહેરમાં સિઝનનો ૧૫ ઇંચ વરસાદ થઈ ગયો છે. ગાંધીનગરના સરેરાશ વરસાદનો આંકડો અંદાજિત ૩૨ ઇંચ જેટલો છે. જયારે આ મુજબ અત્યાર સુધી સિઝનનો ૫૦ ટકા વરસાદ વરસી ગયો છે. શહેરના સેકટરોમાં હાલ વરસાદી સમસ્યાઓથી સેકટરવાસીઓ ત્રસ્ત છે. શહેરના સેકટરોમાં કાદવ કિચ્ચડ અને ગંદકીના દ્રશ્યો વચ્ચે મચ્છર ઉત્તપત્તિ સ્થાનો વધી રહ્યા છે. સેકટરોમાં મચ્છરોનો ઉપદ્રવ વધતા રોગચાળાનો ખતરો મંડરાયો

● અનુસંધાન પાન-૭ પર

નવા સેકટરોમાં આજથી પાણીનો સપ્લાય રાબેતા મુજબ અપાશે

નવુ ટ્રાન્સફર્મર નાંખવાની કામગીરી પુર્ણ થતા હવે સેકટરોમાં પાણી ફોર્સથી અપાશે

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગર શહેરના નવા સેકટરોમાં છેલ્લા ત્રણ દિવસથી પાણી પુરવઠાનો સપ્લાય પ્રભાવિત છે. સરિતા વોટર વર્કસ ખાતે ટ્રાન્સફર્મરમાં ખામી સર્જાતા સેકટરોમાં પુરતા ફોર્સથી પાણીનો સપ્લાય આપી શકાતો નથી જયારે આજે નવુ ટ્રાન્સફર્મર નાંખવાની કામગીરી હાથ ધરવામાં આવતા આજે સે ૧ થી ૧૩ માં રાબેતા મુજબ સપ્લાય આપવામાં આવશે

શહેરના સેકટરોમાં ૨૪ કલાક પાણી સપ્લાય આપવા માટેની યોજના અન્વયે કામ ચાલી રહ્યુ છે. જયારે છેલ્લા કેટલાક સમયથી પાણીના પ્રશ્ને વારંવાર એક બાદ એક સમસ્યા સામે આવતા સેકટરોમાં અપાતો પાણી પુરવઠો પ્રભાવિત થાય છે. સેકટરવાસીઓ છાશવારે પાણી પુરતા ફોર્સથી આપવામાં આવતુ ન હોવાની પોકાર પાડી રહ્યા છે. ત્યારે પાણી પુરવઠા બોર્ડ કક્ષાએથી પણ પાણીનો પુરતો જથ્થો સપ્લાય કરવામાં ન આવતો હોવાના લીધે સકટરોમાં પાણીની ઘટની સમસ્યા વારંવાર કકળાટનુ કારણ બનતી હોવાનુ પણ અગાઉ સ્પષ્ટ થયુ છે. આ સ્થિતિ વચ્ચે છેલ્લા ત્રણ દિવસથી સરિતા વોટર વર્કસ ખાતે ટ્રાન્સફર્મર બળી જવાની સાથે બે ઠેકાણે ટેકનિકલ ફોલ્ટ સર્જાતા નવા સેકટરોમાં અપાતા સપ્લાયમાં ઘટનો પ્રશ્ન ઉદભવ્યો છે. જેના લીધે સેકટરોમાં છેલ્લા ત્રણ દિવસથી સપ્લાય થતા પાણીના ફોર્સમાં ઘટાડો થયો છે. આ સ્થિતિ વચ્ચે સેકટરવાસીઓ પાણીની ટાંકી પણ પુરતી ભરાતી ન હોવાની ફરિયાદો કરી રહ્યા છે જયારે આ સમસ્યાને ડામવા માટે તંત્ર દ્વારા આજે નવુ ટ્રાન્સફર્મર નાંખવાની કામગીરી હાથ ધરી છે. ૧૫૦૦ કે વી નુ નવુ ટ્રાન્સફર્મર નાંખવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જેના લીધે શુક્રવારથી નવા સેકટરોમાં પાણીનો સપ્લાય રાબેતા મુજબ આપવામાં આવશે તેમ પણ જાણવા મળ્યુ છે.

કુડાસણમાં ઉભા થયેલા ગેરકાયદે પાકા દબાણોને હટાવવામાં તંત્ર કામે લાગ્યું હતું. પાકા દબાણો હોવાથી તેને હટાવવા મોડીરાત સુધી કામગીરી ચાલુ રહી હતી.

શહેરના મુખ્યમાર્ગો આસપાસ વનતંત્ર દ્વારા કલરકોડ મુજબ નવા રોપાઓનુ વાવેતર

શહેરના મુખ્ય ઘ, ચ અને જ માર્ગ ઉપરાંત ઉભા અને આડા માર્ગો પર નવા રોપાઓની વાવણી : વનકવચ અંતર્ગત પણ નવા રોપા ઉછેરવા આયોજન

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગરમાં દરવર્ષે વરસાદી દિવસોમાં નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. જયારે ચોમાસા દરમિયાન નવા રોપાઓની વાવણી માટે ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં જ ખાડા ખાદવામાં આવે છે. આ વર્ષે પણ શહેરમાં અંદાજિત સાડા આઠ હજાર જેટલા ખાડા ખોદવામાં આવ્યા હતા જયારે પર્યાપ્ત વરસાદના અંતે આ ઠેકાણે વનતંત્ર દ્વારા નવા રોપાઓની વાવણી પણ કરી દેવામાં આવી છે. શહેરના મુખ્ય માર્ગો આસપાસ કલરકોડ મુજબ વાવેતર કરાયુ છે. આ ઉપરાંત વન કવચ અન્વયે પણ નવા રોપાઓની વાવણી કરવામાં આવી રહી છે. નગરના ઉભા અને આડા માર્ગો આસપાસ પણ હજુ તબક્કાવાર વાવણી કરવામાં આવી રહી છે.

ગાંધીનગરમાં વરસાદી દિવસો દરમિયાન હરિયાળી નિખારવા માટે વનતંત્ર દ્વારા નવા રોપાઓની વાવણી કરવામાં આવી રહી છે. દર વર્ષે વનતંત્ર દ્વારા ચોમાસા દરમિયાન નવુ વાવેતર કરવામાં આવે છે. જયારે આ વર્ષે પણ શહેરના ઉભા અને આડા માર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તારમાં વિવિધ પ્રકારના રોપાઓની વાવણી કરવામાં આવી રહી છે. વનતંત્રના જણાંવ્યા મુજબ અત્યાર સુધી શહેરના જ માર્ગ પર વાવણી કરી દેવામાં આવી છે. જેમાં જ માર્ગ તેમજ સરિતા ઉદ્યાન આસપાસના વિસ્તારમાં લીમડો, દેશી કણજી, ગુલમહોર સહીતના નવા રોપાઓની વાવણી કરવામાં આવી છે. આ વિસ્તારમાં અંદાજિત ૩ હજાર જેટલા રોપાઓની વાવણી કરવામાં આવી છે. શહેરમાં ગરમીના દિવસો દરમિયાન વનતંત્ર દ્વારા નવા વાવેતરને અનુલક્ષીને અંદાજિત ૮,૫૦૦ જેટલા ખાડા ખોદવામાં આવ્યા હતા જયારે પુરતા વરસાદના અંતે વાવણીની કામગીરી પણ મોટાભાગે પુર્ણ કરી દેવામાં આવી છે જો કે હાલ પણ બાકી રહેતા વિસ્તારમાં નવા રોપાઓને ઉછેરવા માટે કામ શરૂ કરી દેવાયુ છે. સુત્રોના જણાંવ્યા મુજબ મોસમ દરમિયાન વરસાદને ધ્યાનમાં રાખી વધારાની મોસમ આધારિત વાવણીનુ કામ પણ શરૂ કરી દેવાયુ છે. જયારે અત્યાર સુધી શહેરના મુખ્ય ઘ અને ચ માર્ગ આસપાસના વિસ્તારમાં પણ રોપાઓની વાવણી કરી દેવામાં આવી છે. જયારે ખ માર્ગની આસપાસ પણ ખાલી જગ્યાનો સર્વે કરી વનતંત્ર દ્વારા નવા રોપાઓના આધારે હરિયાળી નિખારવા આયોજન કરી દેવાયુ છે.

શહેરના મુખ્યમાર્ગો આસપાસ કલરકોડ મુજબ નવા રોપાઓની વાવણી કરવા તરફ ધ્યાન કેન્દ્રીત કરાયુ છે. જેમાં ચ માર્ગ પર પીળો , ઘ માર્ગ પર કેસરી અને જ માર્ગ પર લાલ રંગને અનુલક્ષી કલરકોડ મુજબ વાવેતર કરવામાં આવી રહ્યુ છે. આ ઉપરાંત હાલ બાકી રહેતા ઉભા અને આડા માર્ગોને અનુલક્ષીને પણ વાવેતરની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જો કે વન વિસ્તારમાં નવા વાવેતર સાથે હજુ ફેન્સીંગનુ જરૂરી કામ હાથ ધરવામાં આવ્યુ નથી ત્યારે તુટેલી ફેન્સીંગનુ પણ નવિનીકરણ કરવાની અનિવાર્યતા છે. જયારે વન વિસ્તારમાં વધતા દબાણો દુર કરવા માટે પણ ઝુંબેશ હાથ ધરવામાં આવે તેવી પણ લાગણી અને માગણી પ્રબળ બની છે.

શહેરી વિસ્તારના ગામોમાં નવી લાઈન નાખવા વિભાગને દરખાસ્ત

અમુક વિસ્તારમાં જૂની અને સડો લાગેલી લાઈનના લીધે લિકેજીસ ની સમસ્યા દૂર કરવા નવી લાઈન નંખાશે

ગાંધીનગર તા ૧૨

શહેરી વિસ્તારના ગામોમાં માળખાગત સુવિધા અપગ્રેડ કરવા અનેક વાર રજુઆત કરવામાં આવે છે આ ગામોના કેટલાક વિસ્તારમાં પણ પાણીની લાઈન અપગ્રેડ કરવાની અનિવાર્યતા છે . ઘણા ઠેકાણે જૂની અને સાંકડી લાઈન સડેલી હાલતમાં છે . આ સ્થિતિ વચ્ચે પાણીનો વપરાશ પણ વધ્યો છે પાલજ, બાસણ અને બોરિજમાં આ સમસ્યા નિવારવા માટે અંદાજિત ૪ કરોડના ખર્ચે નવી લાઈન નાખવા દરખાસ્ત કરવામાં આવી છે

સેક્ટરોમાં પીવાના પાણીના નેટવર્કને અપગ્રેડ કરીને ૨૪ કલાક પાણીનો સપ્લાય આપવા માટે નવી લાઈનો નાંખવામાં આવી રહી છે. જો કે આ ખર્ચાળ પ્રોજેક્ટ પૂર્ણ થતાં હજુ સમય લાગે તેમ છે જ્યારે શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ નગર રચના માટે જમીન આપનારા ગામડાઓમાં પીવાના પાણી માટે સઘન વ્યવસ્થા આજ સુધી કરવામાં આવેલી નહીં હોવાથી ત્યાંના રહેવાસીઓમાં ઉનાળાની ગરમીના દિવસો સહિત ઘણીવાર વર્ષ દરમિયાન પાણીની પોકાર ઉઠતી રહે છે જ્યારે હાલ આ ગામડાઓમાં વસવાટ વસ્તી વધી છે અલબત્ત પાણીનો વપરાશ વધ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com